eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 316
June 08, 2012



## તા.૦૧/૦૬/૨૦૧૨ના રોજ "મેલેરીયા વિરોધી માસ" અંતર્ગત વિશાળ રેલીનું આયોજન

ભારત સરકાર આરોગ્ય મંત્રાલય ધ્વારા જૂન માસને "મેલેરીયા વિરોધી માસ" તરીકે ઉજવવા નકકી કરેલ હોય, સુરત મહાનગરપાલિકા ધ્વારા શહેરની જનતામાં મચ્છરજન્ય રોગો નિયંત્રણમાં રાખવા માટે જનજાગૃતિ કેળવાય અને સુરત મહાનગરપાલિકા ધ્વારા કરવામાં આવતી વાહકજન્ય રોગ નિયંત્રણની કામગીરીમાં પ્રજાનો સહકાર મળે તે હેતુસર તા.૦૧/૦૬/૨૦૧૨ નાં રોજ એક વિશાળ રેલીનું આયોજન કરેલ હતું ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૫/૬/૨૦૧૨ ના રોજ વિવિધ ઝોન વિસ્તારમાં વિવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ/ ઉદ્‌ઘાટનવિધિ



સુરત મહાનગરપાલિકા ધ્વારા શહેરના સમતોલ વિકાસના વિવિધ પ્રકલ્પો હાથ ધરી પ્રજાને માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં સતત અગ્રેસર રહે છે. સાથોસાથ શહેર પર્યાવરણને લગતાં વિવિધ પ્રકલ્પોનું પણ આયોજન કરવામાં આવે છે. ૫મી જુન,વિશ્વ પર્યાવરણદિન નિમિત્તે "SURAT THE CITY THAT CARES" હેઠળ સુરત મહાનગરપાલિકાના વિવિધ ઝોન વિસ્તારમાં વિવિધ પ્રકલ્પોની ખાતમુર્હૂતવિધિ/લોકાર્પણવિધિ મા.મેયરશ્રી રાજેન્દ્ર અજીતરાય દેસાઈ (રાજુ દેસાઈ)નાં પ્રમુખસ્થાને રાખવામાં આવેલ હતી ...

**વધુ માટે કલીક કરો >>>>>>**



## ૫ મી જૂન "વિશ્વ પર્યાવરણ દિન"ની ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન

૫મી જૂનનો દિવસ આખા વિશ્વમાં "વિશ્વ પર્યાવરણ દિન" તરીકે ઉજવાય છે. આ "વિશ્વ પર્યાવરણ દિન"ની ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન તા. ૦૫/૦૬/૨૦૧૨ ને મંગળવારના રોજ કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત આજરોજ સુરત મહાનગરપાલિકા દ્વારા રાંદેર વિસ્તારમાં ગોપીનાથ સોસાયટી પાસેનો ગાર્ડન નગરજનો માટે ખુલ્લો મુકવામાં આવ્યો હતો ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## ૫ મી જૂન "વિશ્વ પર્યાવરણ દિન"ની ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન

૫ જુન વિશ્વ પર્યાવરણ દિવસે સ્વર્ણિમ વન મહોત્સવ નિમિત્તે ટી.પી.એસ. નં. ૧૦ (પાલ), એફ.પી. નં. ૧૯૭, ગોપીનાથ સોસાયટી પાસે ગાર્ડન (પ્રોજેકટ ખર્ચ રૂા.૪૩.૯૫ લાખ, બાગનું ક્ષેત્રફળ ૮,૧૩૦.૦૦ ચો.મી.), ટી. પી. નં. ૬૯, એફ. પી. નં. આર – ૧૨, ડીંડોલી શાંતીકુંજ (પ્રોજેકટ ખર્ચ રૂા.૨.૫૦ લાખ), સી.ઓ.પી. નં. ૨૯, પાંડેસરા હાઉસીંગ બોર્ડ, પાંડેસરા ખાતે શાંતીકુંજ (પ્રોજેકટ ખર્ચ રૂા.૮.૨૮ લાખ, બાગનું ક્ષેત્રફળ ૧,૦૫૦.૦૦ ચો.મી. ) નું લોકાર્પણ મા.મેયરશ્રી રાજેન્દ્ર અજીતરાય દેસાઇ (રાજુ દેસાઇ) ના વરદ્ હસ્તે કરવામાં આવેલ હતું ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## તા.૧૫/૦૬/૨૦૧૨ ને શુક્રવારના રોજ સવારે ૧૧.૦૦ કલાકે ગાંધી સ્મૃતિભવન ખાતે વાવાઝોડાં, ભારે વરસાદ, પુર અને અન્ય કુદરતી તેમજ માનવસર્જિત આફતની પરિસ્થિતિ સર્જાય ત્યારે જરૂરી સેવા/સહાય મળી રહી રહે તે માટેની વ્યવસ્થા કરવા અંગેની મીટીંગ

વાવાઝોડા, ભારે વરસાદ, પુર અને અન્ય કુદરતી તેમજ માનવસર્જિત આફતની પરિસ્થિતિ સર્જાય તેવા સમયે સેવા/સહાય કાર્યમાં સહભાગી થવા સંદર્ભે આપત્તિ વ્યવસ્થાપનનાં ભાગરૂપે બચાવ, રાહત તેમજ પુનર્વસનની કામગીરી સરળ અને ઝડપી બને તે હેતુસર ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## તા.૬.૬.૧૨ ના રોજ બનેલી ખગોળીય ઘટના "શુક્રનું સંક્રમણ"



આજરોજ તા. ૬ જૂન ૨૦૧૨ ના રોજ જવલ્લેજ બનતી ખગોળીય ઘટના એશીયાખંડમાં દેખાયેલી હતી, જેમાં શુક્ર સૂર્યની તકતી સામેથી પસાર થયેલ હતો (તચ્બ્ઘ(ષ્ટ:) અભ્ઘ્ગ(). આ પ્રકારની ખગોળીય ઘટના હવે પછી ૧૦૫ વર્ષ બાદ અવકાશમાં દેખાવાની છે, જે ધ્યાને લઈ સાયન્સ સેન્ટર સુરત ખાતેથી આ ઘટનાનું ટેલીસ્કોપ તેમજ વેબ કેમેરા દ્વારા પ્રોજેકશન કરવામાં આવ્યું હતું ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## તા.૦૧/૦૬/૨૦૧૨ના રોજ "મેલેરીયા વિરોધી માસ" અંતર્ગત વિશાળ રેલીનું આયોજન



ભારત સરકાર આરોગ્ય મંત્રાલય ધ્વારા જૂન માસને "મેલેરીયા વિરોધી માસ" તરીકે ઉજવવા નકકી કરેલ હોય, સુરત મહાનગરપાલિકા ધ્વારા શહેરની જનતામાં મચ્છરજન્ય રોગો નિયંત્રણમાં રાખવા માટે જનજાગૃતિ કેળવાય અને સુરત મહાનગરપાલિકા ધ્વારા કરવામાં આવતી વાહકજન્ય રોગ નિયંત્રણની કામગીરીમાં પ્રજાનો સહકાર મળે તે હેતુસર તા.૦૧/૦૬/૨૦૧૨ નાં રોજ એક વિશાળ રેલીનું આયોજન કરેલ હતું, જે સવારે ૯.૦૦ કલાકે સાઉથ ઝોન ઓફિસથી શરૂ કરી કોમ્યુનીટી હોલ, હરીનગર–૩ ખાતે પુર્ણ કરવામાં આવેલ હતી. રેલીનું પ્રસ્થાન મા.મેયરશ્રી રાજુભાઈ દેસાઈએ લીલી ઝંડી ફરકાવી કરવામાં આવ્યું. રેલીમાં ડે.મેયરશ્રીમતી વર્ષાબેન રાણા, સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી ભીમજીભાઈ પટેલ, શાસકપક્ષના નેતાશ્રી દયાશંકરસીંગ, રૂગ્ણાલય સમિતિના ચેરમેન શ્રી અનિલભાઈ પટેલ, મ્યુનિસીપલ સદસ્યશ્રી, આરોગ્ય અધિકારીશ્રી અને ઈ.ચા.ડે.કમિશ્નરશ્રી (હે. અને હો.) હેમંતભાઈ દેસાઈ, સાઉથ ઝોનના ઝોનલ ચીફ શ્રી ભરતભાઈ શાહ, કાર્યપાલક ઈજનેર શ્રી ડી.એ.હરપ્લાની, ઈ.ચા.જંતુનાશક અધિકારી, નાયબ આરોગ્ય અધિકારીશ્રીઓ, આસી.જંતુનાશક અધિકારીઓ, ઝોનનો એન્જીનીયરીંગનો સ્ટાફ, ઉધના ઝોનનાં આંગણવાડી કાર્યકરો, વાહકજન્ય રોગ નિયંત્રણ વિભાગના કર્મચારીગણ, શ્રી જૈન શ્વેતાંબર તેરાપંથ સમાજ ટ્રસ્ટ, ઉધના કે જે સેવાભાવી સંસ્થા છે, તેના મંત્રીશ્રી વસંતભાઈ નાહર, પ્રમુખશ્રી જયસિંહભાઈ રાહ, પૂર્વ પ્રમુખશ્રી લક્ષ્મીરાયજી બાફના, ઉપપ્રમુખશ્રી યાદુલાલજી તેમજ અન્ય કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં આ રેલીમાં જોડાયેલ હતા.

મા.મેયરશ્રીએ જણાવ્યું કે મહાનગરપાલિકા મચ્છરજન્ય રોગ નિયંત્રણ માટે જરૂરી તમામ પગલા લઈ રહી છે, ત્યારે આ રોગના અટકાયત માટે પ્રજા પણ જાગૃત થાય અને સાથ–સહકાર આપે તે જરૂરી છે. વધુમાં જયારે સુરત શહેરની ભૌગોલિક સ્થિતિ જોંતા અહીં વરસાદ, ભેજનું પ્રમાણ વધુ હોય, તેમજ પરપ્રાંતમાંથી રોજી–રોટી મેળવવા સુરત આવતા કામદારો વિગેરેને કારણે મેલેરીયાની પરિસ્થિતિ વણસે નહી તે માટે મહાનગરપાલિકાને સતત ચાંપતી નજર રાખવી પડે છે. હજી લોકોમાં જાગૃતિ લાવવાની જરૂર છે. આ માટે તમામ નાગરિકોએ સહકાર આપવો જોઈએ. ઘર આગળ પાણીના ખાબોચીયા ન થવા દેવા જોઈએ. પાણી ભરેલા વાસણો અઠવાડીયે એક વાર સાફ કરી હવાચુસ્ત ઢાંકણ /કપડાંથી ઢાંકવા જોઈએ. તાવ આવે ત્યારે નજીકના શહેરી આરોગ્ય કેન્દ્ર પર જઈ લોહીની તપાસ કરાવી સંપુર્ણ સારવાર લેવી જોઈએ. તાવ આવે ત્યારે નજીકના શહેરી આરોગ્ય કેન્દ્ર પર લોહીની તપાસ કરાવી સંપુર્ણ સારવાર લેવી જોઈએ. રેલીમાં જાહેર જનતાને અનુરોધ કરેલ કે મચ્છરજન્ય રોગોને નિયંત્રણમાં રાખવા આપણા સર્વેની જવાબદારી છે. ઘરની ટાંકી, ટાંકાઓ હવાચુસ્ત ઢાંકણ વડે પેક રહે તથા ધાબા પર રહેલ ટાયર, કંટેનરનો નિકાલ કરવો જોઈએ. ધાબાનું લેવલ સરખું કરવાથી પાણીનો સહેલાઈથી નિકાલ થઈ જાય.

મા.મેયરશ્રીએ રેલીમાં હાજર રહેલ તમામ વ્યકિતઓનો આભાર વ્યકત કરેલ હતો. સમગ્ર રેલીનું આયોજન મ્યુ.કમિશ્નરશ્રીની સુચના અનુસાર આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડે.કમિશ્નરશ્રી(હે. અને હો.) ડો.હેમંતભાઈ એસ. દેસાઈના માર્ગદર્શન હેઠળ ઈ.ચા.જંતુનાશક અધિકારી ડો.કે.જી.વૈષ્ણવ અને તેમના સ્ટાફના સાથ–સહકાર ધ્વારા કરવામાં આવેલ હતું.

TOP

# સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૫/૬/૨૦૧૨ ના રોજ વિવિધ ઝોન વિસ્તારમાં વિવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ/ઉદ્‌ઘાટનવિધિ





સુરત મહાનગરપાલિકા ધ્વારા શહેરના સમતોલ વિકાસના વિવિધ પ્રકલ્પો હાથ ધરી પ્રજાને માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં સતત અગ્રેસર રહે છે. સાથોસાથ શહેર પર્યાવરણને લગતાં વિવિધ પ્રકલ્પોનું પણ આયોજન કરવામાં આવે છે. ૫મી જુન,વિશ્વ પર્યાવરણદિન નિમિત્તે ''SURAT THE CITY THAT CARES'' હેઠળ સુરત મહાનગરપાલિકાના વિવિધ ઝોન વિસ્તારમાં વિવિધ પ્રકલ્પોની ખાતમુર્હૂતવિધિ/લોકાર્પણવિધિ મા.મેયરશ્રી રાજેન્દ્ર અજીતરાય દેસાઈ (રાજુ દેસાઈ)નાં પ્રમુખસ્થાને રાખવામાં આવેલ હતી.

આજરોજ  રાંદેર ઝોન વિસ્તારમાં એકતાનગર વસાહતને રીડેવલપમેન્ટ અંતર્ગત JnNURM પ્રોજેકટ અન્વયે ટી.પી.સ્કીમ નં.૧૩,ફા.પ્લોટ નં.૨૨૫ ખાતે અંદાજિત રૂા.૪૭.૮૦ લાખના ખર્ચે મલ્ટી એકટીવીટી સેન્ટર બનાવવાના કામની ખાતમુહૂર્તવિધિ સંપન્ન કરવામાં આવી. જેમાં ભોયતળિયે લાયબ્રેરી,રીડીંગ રૂમ,ડીસ્પેન્સરી,મેડીકલ ઓફિસર રૂમ, સ્ટોરરૂમ,ટોયલેટ તથા ૮૦૦૦ લીટરની અંડરગ્રાઉન્ડ પાણીની ટાંકી તથા ૫૦૦૦ લીટરની ઓવરહેડ ટાંકીના બાંધકામનો પણ સમાવેશ કરવામાં આવેલ છે. આ પ્રોજેકટ ૮ માસનાં ટુંકા સમયમાં પુરો થશે.





**Continue …**

રાંદેર ઝોન વિસ્તારમાં ટી.પી. ૧૦(પાલ), એફ.પી.નં. ૧૯૭, ગોપીનાથ સોસાયટી, પાલ ખાતે ગાર્ડનની લોકાર્પણવિધિ કુલ રૂા.૪૩.૯૫ લાખના ખર્ચે તૈયાર થયેલ આ બાગનું ક્ષેત્રફળ ૮૧૩૦.૦૦ ચો.મી. છે. જેમાં વોક વે,પાર્કીંગ, ગઝેબો, ચિલ્ડ્રન પ્લે એરીયા, ટોયલેટ બ્લોક તથા પાણીની સુવિધા ઉપલબ્ધ છે. આ બાગ તૈયાર કરવાનો ઉદ્દેશ જાહેર જનતાના રીક્રીએશન તથા પર્યાવરણની જાળવણીનો છે. જેનો આ વિસ્તારની જનતા લાભ લઈ શકશે. ઉપરાંત મા.મેયરશ્રી તથા અન્ય મહાનુભાવો ધ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ કરવામાં આવેલ. તેમજ આ વિસ્તારના નાગરિકોને વિવિધ જાતના વૃક્ષના રોપાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ઉધના ઝોનમાં પાંડેસરા હાઉસીંગ બોર્ડ, સી.ઓ.પી.નં.૨૯ ખાતે અંદાજિત રૂા.૮.૨૮ લાખના ખર્ચે તથા લિંબાયત ઝોન વિસ્તારમાં ટી.પી.સ્કીમ નં.૬૯, ફા.પ્લોટ નં.આર–૧૨ ખાતે રૂા.૨.૨૭ લાખના ખર્ચે સુંદર શાંતિકુંજ બનાવવામાં આવેલ છે. જેમાં ઉધના, પાંડેસરા, લિંબાયત વિસ્તારમાં રહેતા સીનીયર સીટીજનો ભેગા થઈ પોતાની વિતાવેલી જીંદગીનાં અનુભવો તથા એકબીજા સાથે અભિવ્યકત કરી હળવાશ અનુભશે તેમજ વિવિધ પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા રહેશે.



સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં ગલેમંડી, છાપરીયા શેરી પાસે અંદાજિત રૂા.૭૦.૮૦ લાખના ખર્ચે રીડીંગ રૂમ–મલ્ટી એકટીવીટી સેન્ટરનું લોકાર્પણ કરવામાં આવ્યું. જેમાં બેઝમેન્ટમાં પાર્કીંગની વ્યવસ્થા, ગ્રાઉન્ડ ફલોર પર રીડીંગરૂમ, ટોયલેટ,ખુલ્લી જગ્યામાં લોન તેમજ પ્લાન્ટેશન તથા ફર્સ્ટ ફલોર પર રીડીંગ રૂમ, મેડીટેશન,યોગા, પ્રાણાયમ રૂમ, એરોબીક તથા સેકન્ડ ફલોર પર ટેબલ ટેનીશ રૂમની વ્યવસ્થા કરવામાં આવેલ છે. આ વિસ્તારની જનતાને ઉપરોકત સુવિધાનો લાભ મળશે.

આ પ્રસંગે ધારાસભ્યશ્રી નાનુભાઈ વાનાણી, ડે.મેયરશ્રી શ્રીમતી વર્ષાબેન રાણા, સ્થાયી અધ્યક્ષશ્રી ભીમજીભાઈ પટેલ, શાસકપક્ષના નેતાશ્રી દયાશંકરસિંહ,મ્યુ.કમિશનરશ્રી, પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષશ્રી અજયભાઈ ચોકસી તથા વિવિધ સમિતિનાં ચેરમેનશ્રીઓ તેમજ વોર્ડ સદસ્યોશ્રીઓ, મ્યુ. અધિકારીશ્રીઓ તથા શહેરનાં આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

TOP

# ૫ મી જૂન "વિશ્વ પર્યાવરણ દિન"ની ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન

પમી જૂનનો દિવસ આખા વિશ્વમાં "વિશ્વ પર્યાવરણ દિન" તરીકે ઉજવાય છે. આ "વિશ્વ પર્યાવરણ દિન"ની ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન તા. ૦૫/૦૬/૨૦૧૨ ને મંગળવારના રોજ કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત આજરોજ સુરત મહાનગરપાલિકા દ્વારા રાંદેર વિસ્તારમાં ગોપીનાથ સોસાયટી પાસેનો ગાર્ડન નગરજનો માટે ખુલ્લો મુકવામાં આવ્યો હતો. અને ત્યાર બાદ રોડ સાઈડ વૃક્ષારોપણના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમજ ઉધના, લિંબાયત અને સેન્ટ્રલ ઝોનમાં પણ શાંતિકુંજની લોકાપર્ણ વિધિ કરવામાં આવી હતી.





સુર્યપુર રત્ન એવોર્ડ વિજેતા શ્રી નિમેષભાઈ વશી અને રામકૃષ્ણ ચેરીટેબલ ટ્રસ્ટના શ્રી ગોવિંદભાઈ ધોળકિયા તરફથી સુરતને "ચોખ્ખું અને હરિયાળું" બનાવવા માટે મળેલ અનુદાનના વ્યાજમાંથી "એન્વાયરમેન્ટ અવેરનેશ ફંડ" પ્રેરિત સુરત મહાનગરપાલિકા દર વર્ષે શહેરના બાળકો અને નગરજનોમાં પર્યાવરણ અને તેને લગતા વિષયો બાબતે જાણકારી વધે તે હેતુસર વિશ્વ પર્યાવરણ દિનને લગતા વિવિધ વિષયો ઉપર આધારિત ધોરણ ૪ થી ૮ અને ૧૮ વર્ષથી ઉપર એમ બે વયજુથ માટે ચિત્રકામ સ્પર્ધા અને વેશભૂષા સ્પર્ધાનું આયોજન તા. ૦૫/૦૬/૨૦૧૨ ના રોજ ટાઈફેક હોલ, અઠવાલાઈન્સ સુરત ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. વૃક્ષો વાવો પૃથ્વી બચાવો, જાહેર સફાઈ, કુદરતી દ્રશ્ય, વાર્તાચિત્ર, ગ્લોબલ વોર્મિંગ, કુદરતની અણમોલ દેન પર્યાવરણ, પર્યાવરણ બચાવો દેશ બચાવો અને કુદરતના ખોળે પિકનીક જેવા વિષયો પર આધારિત ચિત્રકામ સ્પર્ધા યોજવામાં આવી હતી. જયારે પર્યાવરણને લગતા વિષય આધારિત કુદરતી સાધનોનો ઉપયોગ કરીને તૈયાર કરેલ પાત્રોની વેશભૂષા સ્પર્ધા યોજવામાં આવી હતી. આ સ્પર્ધાઓમાં ૧૬૦થી પણ વધુ સ્પર્ધકોએ ઉત્સાહથી ભાગ લીધો હતો. ચિત્રકામ સ્પર્ધા ગૃપ–૧ (ધો.૪ થી ૮)માં પ્રથમ વિજેતા સેલર મધુર શૈલેષભાઈ, દ્વિતીય વિજેતા નકુમ ધર્મેશ બાલુભાઈ, તૃતીય વિજેતા રાણા શશાંક ચંદ્રકાંતભાઈ, આશ્વાસન વિજેતા જરીવાળા અંજલી શૈલેષભાઈ, સેલર મયુર શૈલેષભાઈ, શીખા રૂપલ ટીકીવાલા, જાસમીન અશોક મોરડીયા થયા હતા. ચિત્રકામ સ્પર્ધા ગૃપ–૨ (૧૮ વર્ષથી ઉપરના વયગૃપમાં) પ્રથમ વિજેતા હળપતિ શ્યામ વિનોદભાઈ, દ્વિતીય વિજેતા હળપતિ રામ વિનોદભાઈ, તૃતીય વિજેતા પટેલ શૈલેષ હસમુખભાઈ, આશ્વાસન વિજેતા પિયુષ સુરેશચંદ્ર અંજીરયા અને કરણ રાજેશકુમાર જરીવાળા નિવડયા હતા. જયારે વેશભૂષા સ્પર્ધામાં પ્રથમ વિજેતા આર્જવી ચિરાગ વ્યાસ, દ્વિતીય વિજેતા સીફા જહુરઅહમદ કાપડીયા, તૃતીય વિજેતા ભૂમિ ચેતનકુમાર વૈદ્ય જાહેર થયા હતા. વિજેતાઓને સન્માનીત કરતા સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી ભીમજીભાઈ પટેલએ જણાવ્યું હતું કે, સુરત મહાનગરપાલિકાના "ગ્રીન સીટી" અભિયાનમાં શહેરના નાગરિકો પણ પોતાનો યોગ્ય તે સહયોગ આપવા અપીલ કરી હતી. આ પ્રસંગે સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી ઉર્વશીબેન રામીમાળી, ગૃહનિર્માણ અને ઉદ્યાન સમિતિ અધ્યક્ષા શ્રીમતી મીનાબેન હિંગુ, નગર નિયોજન સમિતિ અધ્યક્ષશ્રી કાંતિભાઈ ભંડેરી, મ્યુનિસિપલ સભ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ અને પર્યાવરણ પ્રેમી નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા. સ્પર્ધાના વિજેતાઓને ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે રોકડ પુરસ્કાર એનાયત કરી સન્માનીત કરવામાં આવ્યા હતા. ભાગ લેનારા તમામ સ્પર્ધકોને પાર્ટીસીપન્ટ પ્રમાણપત્ર અને સ્મૃતિભેટ આપવામાં આવ્યા હતા. "ટાઈફેક" સંસ્થાએ પોતાનો એ.સી.હોલ તથા અન્ય સુવિધા પુરી પાડી આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

TOP

## ૫ મી જૂન "વિશ્વ પર્યાવરણ દિન"ની ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન

૫ જુન વિશ્વ પર્યાવરણ દિવસે સ્વર્ણિમ વન મહોત્સવ નિમિત્તે ટી.પી.એસ. નં. ૧૦ (પાલ), એફ.પી. નં. ૧૯૭, ગોપીનાથ સોસાયટી પાસે ગાર્ડન (પ્રોજેકટ ખર્ચ રૂા.૪૩.૯૫ લાખ, બાગનું ક્ષેત્રફળ ૮,૧૩૦.૦૦ ચો.મી.), ટી. પી. નં. ૬૯, એફ. પી. નં. આર – ૧૨, ડીંડોલી શાંતીકુંજ (પ્રોજેકટ ખર્ચ રૂા.૨.૫૦ લાખ), સી.ઓ.પી. નં. ૨૯, પાંડેસરા હાઉસીંગ બોર્ડ, પાંડેસરા ખાતે શાંતીકુંજ (પ્રોજેકટ ખર્ચ રૂા.૮.૨૮ લાખ, બાગનું ક્ષેત્રફળ ૧,૦૫૦.૦૦ ચો.મી. ) નું લોકાર્પણ મા.મેયરશ્રી રાજેન્દ્ર અજીતરાય દેસાઈ (રાજુ દેસાઈ) ના વરદ્ હસ્તે કરવામાં આવેલ હતું. કુલ રૂા.૪૩.૯૫ લાખના ખર્ચે તૈયાર થયેલ આ બાગનું ક્ષેત્રફળ ૮,૧૩૦.૦૦ ચો.મી. છે. આ બાગ તૈયાર કરવાનો ઉદ્દેશ જાહેર જનતાના રીક્રીએશન તથા પર્યાવરણની જાળવણીનો છે. જેનો વિસ્તારની જનતા લાભ લઈ શકશે.

આ ઉપરાંત સદર લોકાપર્ણ થયેલ બાગના લોન પ્લોટમાં તેમજ એલ. પી. સવાણી થી સી.એન.જી સર્કલ તરફના રોડ સાઈડ વિસ્તારમાં વૃક્ષારોપણ કાર્યક્રમ મા.મેયરશ્રી રાજેન્દ્ર અજીતરાય દેસાઈ (રાજુ દેસાઈ), મા. ડે. શ્રીમતી વર્ષા રાણા, શ્રી ભીમજીભાઈ પટેલ (મા. અધ્યક્ષશ્રી સ્થાયી સમિતિ), શ્રી દયાશંકર સિંહ (મા. નેતાશ્રી શાસકપક્ષ), શ્રીમતી મીનાબેન હીંગુ (અધ્યક્ષશ્રી ગૃહ નિમાર્ણ અને ઉદ્યાન સમિતિ), મ્યુ.કમિશનરશ્રી એમ. કે. દાસ તથા અન્ય મહાનુભવો, નગરસેવકો, નગરજનો અને શાળાના વિદ્યાર્થીઓ / શિક્ષકોના સહયોગથી કુલ ૧૦૦ નંગ વૃક્ષોના રોપાનું પ્લાન્ટેશન કરી કરવામાં આવેલ હતો.

વધુમાં વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી નિમિતે સુરત મહાનગરપાલિકા દ્વારા ૩૦૦૦ વિવિધ પ્રકારના છાયાવૃક્ષો જેવા કે, ગુલમહોર, તુલસી, બીલી, બોરસલ્લી, લીમડો વિગેરે વિવિધ રોપાઓનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવેલ. જેનો શહેરના નગરજનો અને રાહદારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ. મહાનગરપાલિકાના ગાર્ડન ખાતા દ્વારા જે તે ઝોનમાં જુદા જુદા જે તે રોડ ડીવાઈડરો તેમજ રોડ સાઈડ પર કુલ ૧૩૬૭ વૃક્ષોના રોપાઓનું પ્લાન્ટેશન કરવામાં આવેલ હતું. તેમજ ૫ જુન વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી નિમિત્તે "એન્વાયરમેન્ટ અવેરનેશ ફંડ"ના સહયોગથી TIFAC સેમીનાર હોલ, સાર્વજનિક કોલેજ ઓફ એન્જી.એન્ડ ટેકનોલોજી, અઠવાલાઈન્સ ખાતે ચિત્રકામ અને વેશભૂષા સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. જેમાં કુલ ૧૭૫ સ્પર્ધકોએ ઉમંગભેર ભાગ લીધેલ હતો.

TOP

## તા.૧૫/૦૬/૨૦૧૨ ને શુક્રવારના રોજ સવારે ૧૧.૦૦ કલાકે ગાંધી સ્મૃતિભવન ખાતે વાવાઝોડાં, ભારે વરસાદ, પુર અને અન્ય કુદરતી તેમજ માનવસર્જિત આફતની પરિસ્થિતિ સર્જાય ત્યારે જરૂરી સેવા/સહાય મળી રહી રહે તે માટેની વ્યવસ્થા કરવા અંગેની મીટીંગ

વાવાઝોડા, ભારે વરસાદ, પુર અને અન્ય કુદરતી તેમજ માનવસર્જિત આફતની પરિસ્થિતિ સર્જાય તેવા સમયે સેવા/સહાય કાર્યમાં સહભાગી થવા સંદર્ભે આપત્તિ વ્યવસ્થાપનનાં ભાગરૂપે બચાવ, રાહત તેમજ પુનર્વસનની કામગીરી સરળ અને ઝડપી બને તે હેતુસર કયા વિસ્તારમાં, કયા પ્રકારની, કેટલા પ્રમાણમાં સેવા/સહાય પુરી પાડવા સ્થાનિક સ્વૈચ્છિક સંસ્થાઓ ઈચ્છુક છે તે સુનિશ્ચિત કરી તેની પરસ્પર જાણકારી ઉપલબ્ધ થાય તે હેતુસર એક અગત્યની બેઠકનું સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૧૫/૦૬/૨૦૧૨ ને શુક્રવારના રોજ ૧૧.૦૦ કલાકે ગાંધી સ્મૃતિભવન, ટીમલીયાવાડ, નાનપુરા,સુરત મુકામે આયોજન કરવામાં આવેલ છે. જેમાં શહેરની તમામ સ્વૈચ્છિક સંસ્થાઓના હોદ્દેદાર/પ્રતિનિધિઓને ઉપસ્થિત રહેવા અનુરોધ છે.

TOP

## તા.૬.૬.૧૨ ના રોજ બનેલી ખગોળીય ઘટના "શુક્રનું સંક્રમણ"

આજરોજ તા. ૬ જૂન ૨૦૧૨ ના રોજ જવલ્લેજ બનતી ખગોળીય ઘટના એશીયાખંડમાં દેખાયેલી હતી, જેમાં શુક્ર સૂર્યની તકતી સામેથી પસાર થયેલ હતો (Transit of Venus). આ પ્રકારની ખગોળીય ઘટના હવે પછી ૧૦૫ વર્ષ બાદ અવકાશમાં દેખાવાની છે, જે ધ્યાને લઈ સાયન્સ સેન્ટર સુરત ખાતેથી આ ઘટનાનું ટેલીસ્કોપ તેમજ વેબ કેમેરા દ્વારા પ્રોજેકશન કરવામાં આવ્યું હતું અને ઈન્ટરનેટના માધ્યમ દ્વારા NASA દ્વારા પ્રસારિત જીવંત પ્રસારણને પ્રોજેકટરની મદદથી પ્રોજેકટ કરી જાહેર જનતાને નિદર્શન કરાવવામાં આવેલ હતું. ઉપરાંત સોલાર ફીલ્ટર દ્વારા જાહેર જનતાને આ ઘટનાનું પ્રત્યક્ષ દર્શન પણ કરાવવામાં આવ્યું હતું. આ ખગોળીય ઘટના નિહાળવા મા.કમિશનરશ્રી એમ.કે.દાસ, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી ઉવર્શીબેન રામીમાળી, મા.ડે.કમિશનરશ્રી સી.વાય.ભટ્ટ તથા તેમની સાથે દિલ્હીથી પધારેલ જે.એન.આર.યુ.એમ.ના શ્રી નેગી સાહેબ અને અન્ય અધિકારીશ્રીઓ, જાહેર જનતા, બાળકો, વિદ્યાર્થીઓ સહિત ૧૬૦૦ થી વધુ લોકોએ આ અદ્વિતિય ઘટના નિહાળી હતી.




આ ઘટના સંદર્ભે સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર સુરત ખાતે જાહેર જનતાને શુક્રના સંક્રમણ વિશે જાગૃતિ આપવા તા. ૨૫, ૨૬, ૨૭ મે ૨૦૧૨ અને તા. ૨, ૩ જૂન ૨૦૧૨ ના રોજ નિઃશુલ્ક વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતુ. આ વર્કશોપના ભાગરૂપે સાયન્સ સેન્ટરના ઓડીટોરીયમમાં ભારત સરકાર સંચાલિત "વિજ્ઞાન પ્રસાર" વિભાગ દ્વારા આપવામાં આવેલ શુક્રનું સંક્રમણ સમજાવતી ફિલ્મ બતાવવામાં આવી હતી જેમાં શુક્ર ગ્રહ વિશેની માહિતી, ગ્રહણ અને સંક્રમણ વચ્ચેનો તફાવત, શુક્રના સંક્રમણનો ઈતિહાસ, ભૂતકાળમાં વૈજ્ઞાનિકો દ્વારા આ ઘટના જોવા માટે કરવામાં આવેલ પ્રયાસો તથા સંક્રમણ થવાનું કારણ અને તેનો અંતરાલ જેવી બાબતોની વિસ્તૃત માહિતી લોકોને આપવામાં આવી હતી અને વિજ્ઞાન પ્રસારણ વિભાગ દ્વારા આપવામાં આવેલ કીટસનું વિનામુલ્યે વિતરણ પણ કરવામાં આવેલ હતું.

આ ઉપરાંત સાયન્સ સેન્ટરના સ્ટાફ દ્વારા સૂર્યમંડળ અને સંક્રમણની ઘટના વિશે "Nano Sun" ના મોડેલ દ્વારા સમજ આપવામાં આવી હતી. તે ઉપરાંત શુક્રના સંક્રમણને સુરક્ષિત રીતે નિહાળવા માટેની વિવિધ રીતો સમજાવવામાં આવી હતી. જેમાં મિરર બોલ પ્રોજેકશન દ્વારા શુક્રનું સંક્રમણ કઈ રીતે જોઈ શકાય તેની સમજ તથા તે બનાવવાની રીત પણ શીખવવામાં આવી હતી જેથી ભાગલેનાર બાળકો/ વ્યકિતઓ જાતે આ સાધન બનાવી શુક્રનું સંક્રમણ જોઈ શકે. સૂર્યના પારજાંબલી કિરણોથી બચવા વપરાતા સોલાર ફિલ્ટરનો ઉપયોગ કરી શુક્રનું સંક્રમણ નિહાળવા તેની સમજ તથા વ્યકિતગત નિદર્શન સાયન્સ સેન્ટરના સ્ટાફ દ્વારા આપવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં ૪૦૦ થી વધુ લોકોએ ખૂબજ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો.

શુક્રના સંક્રમણ વિશે જાગૃતિ ફેલાવવા માટે એપ્રિલ ૨૦૧૨થી સાયન્સ સેન્ટર સુરતની મુલાકાતે આવનાર મુલાકાતીઓને Transit of Venus ની ફિલ્મ પણ બતાવવામાં આવી હતી તથા પ્લેનેટોરીયમ ગાઈડ દ્વારા આ ઘટના અંગે સમજ પણ આપવામાં આવી હતી.

TOP